Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩.

નં.એસજીજીયુ/વહીવટ/મધ્યસ્થ પ્રવેશ/એમ.એડ./૨૦૨૩/૪૮૮૮ તા.૦૮/૦૮/૨૦૨૩

પરિપત્ર-3830

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે શિક્ષણ વિદ્યાશાખાના એમ.એડ્. (માસ્ટર ઓફ એજ્યુકેશન) અભ્યાસક્રમની ઓનલાઈન મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા અન્વયે પૂર્ણ થયેલ ઓફલાઈન કાઉન્સેલિંગ રાઉન્ડ-૨ બાદ ખાલી રહેતી બેઠકો પર ઓપન રાઉન્ડ દ્વારા પ્રવેશ પ્રક્રિયા અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો તા.૧૬/૦૮/૨૦૨૩ સુધીમાં નીચે જણાવેલ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના એમ.એડ્. પ્રવેશનો બીજો કાઉન્સેલિંગ રાઉન્ડ પૂર્ણ થતાં એમ.એડ્. કોલેજોમાં ખાલી રહેલ સીટો પર નીચે મુજબ પ્રવેશ આપવા નિણર્ય લેવામાં આવેલ છે.
- ઓપન રાઉન્ડમાં એમ.એડ્. પ્રવેશ પ્રક્રિયામાં રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ ન ભરેલ વિદ્યાર્થીઓનો પ્રવેશ માન્ય ગણવામાં આવશે નહિ.
- ઓપન રાઉન્ડમાં માત્ર ખાલી રહેલ બેઠકો પર જ પ્રવેશ આપવાનો રહેશે.
- સરકારશ્રીના પ્રવેશના નિયમો મુજબ દરેક કોલેજોની સ્ટ્રેન્થને ધ્યાને રાખી ૧૦% બેઠકો EWSની ભરવાની હોય છે. જે વિદ્યાર્થીઓ EWS કેટેગરીમાં પ્રવેશ લેવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ EWSનું પ્રમાણપત્ર રજુ કરેથી EWS કેટેગરીમાં પ્રવેશ પાત્ર થશે.
- જેઓએ રજીસ્ટ્રેશન ફોર્મ ભરેલ ન હોય તેવા ઉમેદવારે રૂ.૧૦૦૦/- પેનલ્ટી ફી ભરી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.
- એમ.એડ્. કોલેજ ચલાવતા મંડળની સરકારશ્રીના પ્રવેશ ધોરણો મુજબ (મેનેજમેન્ટ ક્વોટા) ૧૫% બેઠકો ભરવાના અધિકાર મુજબ પ્રવેશ ફોર્મ ભરી મેરીટના ધોરણે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. જેની ચકાસણી યુનિવર્સિટી ખાતે કરાવી એપ્રુવલ લેવાની રહેશે.
- એમ.એડ્. પ્રવેશ સમિતિ દ્વારા ઉપરોક્ત તમામ મુદ્દા તથા NCTEના તમામ નિયમોને ધ્યાનમાં લઇ પ્રવેશ ફોર્મ આપવાના રહેશે. નિયમ વિરુદ્ધ આપેલ પ્રવેશ રદ્દ કરવામાં આવશે જેની તમામ જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે.
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એમ.એડ. કોલેજોએ NCTE ના નિયમો મુજબ પ્રવેશ આપવાની જવાબદારી રહશે. અને તમામ માહિતી તા.૧૭.૦૮.૨૦૨૩ સુધીમાં બી.એડ./એમ.એડ. મધ્યસ્થ પ્રવેશ સમિતિને યુનિવર્સિટી ખાતે રજુ કરવાની રહેશે. ત્યારબાદ પ્રવેશ સુનિશ્ચિત કરવામાં આવશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ, ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વીંઝોલ, ગોધરા, ગુજરાત

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ એમ.એડ. કોલેજોના આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કર્યવાહી કરવા સારું.
- એમ.એડ. પ્રવેશ લેવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.

**Address:** At.: Vinzol, Post: Kankanpur, Taluka: Godhra, District: Panchmahal, Gujarat-388713.

**Website: www.sggu.ac.in** **Phone No: 02672 255101**